जिल्ला रमत गमत अधिकारीनी कचेरी-अमरेली

# રમત ગમત સ્પર્ધા

# કાર્યક્રમ

# ૨૦૨૧-૨૨

**જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી**

બહુમાળી ભવન, બ્લોક-સી, રૂમ:-૧૧૦/૧૧૧, પ્રથમ માળે, અમરેલી

સંપર્ક નં:- ૦૨૭૯૨-૨૨૩૬૩૦ ઈમેલ:- amrelidso.ysca@gmail.com

# જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી

**બહુમાળી ભવન, બ્લોક-સી, રૂમ નંબર-૧૧૦-૧૧૧,**

**અમરેલી - ૩૬૫૬૦૧**

**Email : amrelidso.ysca@gmail.com** **office : ૦૨૭૯૨ -૨૨૩૬૩૦**


પત્ર ક્રમાંક : જરગઅ / ૨૦૮૨ થી ૨૫૮૧ / ૨૦૨૧ તારીખ : ૦૫ / ૧૦ / ૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી, પ્રાથમિક/મા. અને ઉ.માધ્યમિક(ગ્રાન્ટેડ-ખાનગી)શાળાઓ,તમામ.

આચાર્યશ્રી, પે.સેન્ટર/ઉત્તર બુનિયાદી/આશ્રમ શાળાઓ,તમામ.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

અમરેલી જિલ્લો.

વિષય : તાલુકા/ જિલ્લાકક્ષાની શાળાકીય, વિવિધ, અન્ય રમત સ્પર્ધા અંતર્ગત ખેલાડીઓને ભાગ લેવા મોકલવા બાબત.

સંદર્ભ : સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ, ગાંધીનગરના તા.૩૦/૦૯/૨૦૨૧ના પત્ર ક્રમાંક : યસપ/રમત/૨૦૨૧-૨૨/ઘ-૨ અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન અમરેલી જિલ્લામાં તાલુકાકક્ષા/જિલ્લાકક્ષા અંડર-૧૯ની શાળાકીય રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં આપની શાળાના પરિપત્ર મુજબના નિયમોનુસાર ખેલાડીઓને ભાગ લેવા મોકલવા તથા આપના તરફથી સ્પર્ધાને અનુરૂપ સાથ અને સહકાર મળી રહે તેવી અપેક્ષા સહ. શાળાકીય અંડર-૧૯ વયજુથની કબડ્ડી, ખોખો, વોલીબોલ તથા એથ્લેટીક્સની સ્પર્ધાઓ પ્રથમ દરેક તાલુકાકક્ષાએ યોજાશે, જેમાંથી તાલુકા દીઠ એક ટીમ પસંદ કરીને જિલ્લાકક્ષાએ ભાગ લેવા માટે આવશે. જયારે એથ્લેટીક્સમાં પ્રથમ નંબરના વિજેતા ખેલાડીઓ જિલ્લાકક્ષાએ ભાગ લેવા માટે આવશે. જિલ્લાની તમામ શાળા/સંસ્થાઓએ ઓછામાં ઓછી એક રમતમાં ફરજીયાત ભાગ લેવા મોકલવા પ્રયત્ન કરવાનો રહેશે. તા.૧૨/૧૦/૨૦૨૧ સુધીમાં તાલુકાકક્ષાની કબડ્ડી, ખોખો, વોલીબોલ, તથા એથ્લેટીક્સની સ્પર્ધાઓ તાલુકા કક્ષાનાં આયોજક કન્વીનર સંસ્થાએ પૂર્ણ કરવાની રહેશે, સ્પર્ધા માટેના જરૂરી પંચો તથા વ્યવસ્થાપકો બોલાવવાની જવાબદારી પણ જે તે તાલુકાનાં આયોજક કન્વીનર સંસ્થાની જ રહેશે, આપના તાલુકામાં કઈ સ્પર્ધા કઈ તારીખના રોજ યોજાનાર છે, તેની જાણ આપના તાલુકાની તમામ શાળા/સંસ્થાઓને કરવાની જવાબદારી પણ આયોજક કન્વીનર સંસ્થાની જ રહેશે. જાણ કર્યા અંગેના તમામ પત્ર વ્યવહારની નકલ ફરજીયાત જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમરેલીને બિન ચૂકે મોકલી આપવાની રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માંગતી શાળા /સંસ્થાએ નીચે મુજબના નમૂનામાં પ્રવેશપત્ર પોતાનાં તાલુકાની આયોજક કન્વીનર સંસ્થાને સમય મર્યાદામાં મોકલવાના રહેશે. જ્યારે સીધી

જિલ્લાકક્ષાની સ્પર્ધા માટેનાં પ્રવેશપત્ર સીધા જે તે રમતના આયોજક સંસ્થાને મોકલવાના રહેશે. જે શાળા/સંસ્થાના ભાગ લેવા માટેનાં પ્રવેશપત્ર સમય મર્યાદામાં મળેલ હશે, તે જ શાળા/સંસ્થાને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. ભાગ લેવા આવતી વખતે આપની શાળા/સંસ્થાના તમામ ખેલાડીઓના શાળામાં અભ્યાસના તથા ઉમરના પુરાવા, આધારકાર્ડ પણ ફરજીયાત સાથે લાવવાના રહેશે. અને જરૂર જણાયે તે રજુ કરવાના રહેશે, રજુ નહિ કરનાર શાળા/સંસ્થાને નિયમાનુસાર સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

# પ્રવેશપત્રનો નમુનો

| ક્રમ | ખેલાડીનું પૂરૂં નામ | જન્મ તારીખ | જી.આર.નં. | આધારકાર્ડ નંબર | જાતિ GEN, SC,ST,OBC | રમત/ ઇવેન્ટ | ઘરનું સરનામું | સંપર્ક નંબર | ખેલાડીની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

ટીમ મેનેજરનું નામ :

આચાર્યશ્રીના સહી / સિક્કા

સંપર્ક નંબરઃ-

સંસ્થાનું સરનામુંઃ-

નોંધઃ- પ્રવેશ પત્ર નમુના મુજબ પોતાની સંસ્થા/શાળાના લેટર પેડ પર જ આચાર્યશ્રીના સહી સિક્કા સાથે અસલ માં આપવાનું રહેશે. ઝેરોક્ષ નકલ કે સાદા કાગળ પર આપવામાં આવેલ પ્રવેશપત્ર કે આચાર્યશ્રીના સહી સિક્કા વગર ના પ્રવેશપત્ર માન્ય રાખવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેશો.

**સમગ્ર સ્પર્ધાના આયોજન દરમ્યાન સરકારશ્રીના કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ નિયમોનું પાલન કરવાનું રહેશે.**

(અશરફ આર. કુરેશી)
જિલ્લા રમત ગમત અધિકારી
અમરેલી

(એમ.જી.પ્રજાપતી)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમરેલી

(એમ.જી.પ્રજાપતી)
જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

સવિનય નકલ રવાના જાણ સારૂં:-

૧ માન. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
૨ માન. કલેકટરશ્રી, અમરેલી.
૩ માન. સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ, યુ.સે.સાં.પ્ર., ગાંધીનગર.
૪ માન. નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલી. (વિના મુલ્યે બહોળી પ્રસિદ્ધિ અર્થે)
૫ માન. સીનીયર કોચશ્રી, અમરેલી.
૬ તાલુકા/જિલ્લાકક્ષા સ્પર્ધાના આયોજકશ્રી, તમામ. (સ્પર્ધાને અનુરૂપ તમામ વ્યવસ્થા કરવા અર્થે)

# જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમરેલી

## વર્ષ૨૨-૨૦૨૧- અંતર્ગત જિલ્લાકક્ષા શાળાકીય / વિવિધ /અન્ય રમતોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | રમતનું નામ | વયજૂથ/જાતિ | સ્પર્ધા તારીખ | એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખ | સ્પર્ધા સ્થળ | આચાર્યશ્રી/ કન્વીનરશ્રી | વ્યાયામ શિક્ષકશ્રી | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | યોગાસન | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૦૯/૧૦/૨૦૨૧ | ૦૭/૧૦/૨૦૨૧ | જનતા વિદ્યાલય, મોટા ગોખરવાળા | સી.જે.જોશી | મયુરસિંહ બારડ | ૯૪૨૭૨૮૫૯૦૮ |
| ૨ | આર્ચરી | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૦૯/૧૦/૨૦૨૧ | ૦૭/૧૦/૨૦૨૧ | જનતા વિદ્યાલય, મોટા આંકડીયા | લીલાબેન ટીંબડીયા | પી.ડી.મિયાણી | ૯૪૨૭૦૨૧૦૦૭ |
| ૩ | ફેન્સિંગ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૦૯/૧૦/૨૦૨૧ | ૦૭/૧૦/૨૦૨૧ | જનતા વિદ્યાલય, મોટા આંકડીયા | લીલાબેન ટીંબડીયા | પી.ડી.મિયાણી | ૯૪૨૭૦૨૧૦૦૭ |
| ૪ | સોફ્ટબોલ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૦/૧૦/૨૦૨૧ | ૦૮/૧૦/૨૦૨૧ | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, સાવરકુંડલા | વૈશાલીબેન પટેલ | દિપક વાળા | ૯૮૭૯૧૪૧૮૨૨ |
| ૫ | જીમ્નાસ્ટીક્સ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૦/૧૦/૨૦૨૧ | ૦૮/૧૦/૨૦૨૧ | પટેલ શૈક્ષણિક સંકૂલ, ચક્કરગઢ રોડ, અમરેલી | મુકેશભાઈ શિરોયા | મગનભાઇ વસોયા | ૯૯૧૩૯૨૦૯૧૯ |
| ૬ | સ્કેટીંગ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૦/૧૦/૨૦૨૧ | ૦૮/૧૦/૨૦૨૧ | પટેલ શૈક્ષણિક સંકૂલ, ચક્કરગઢ રોડ, અમરેલી | મુકેશભાઈ શિરોયા | મગનભાઇ વસોયા | ૯૯૧૩૯૨૦૯૧૯ |
| ૭ | સ્વીમીંગ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૦/૧૦/૨૦૨૧ | ૦૮/૧૦/૨૦૨૧ | સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, અમરેલી | અમિતભાઈ ઉપાધ્યાય | અશરફભાઈ પરમાર | ૯૪૨૬૯૯૯૯૪૬ |
| ૮ | લોન ટેનીસ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૦/૧૦/૨૦૨૧ | ૦૮/૧૦/૨૦૨૧ | શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર, સાવરકુંડલા | વિનુભાઈ રાવળ | સિરાઝભાઈ ગામેતી | ૮૧૪૧૮૫૦૫૦૦ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | બેડમિન્ટન | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૦/૧૦/૨૦૨૧ | ૦૮/૧૦/૨૦૨૧ | શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર, સાવરકુંડલા | વિનુભાઈ રાવળ | સિરાઝભાઈ ગામેતી | ૮૧૪૧૮૫૦૫૦૦ |
| ૧૦ | બાસ્કેટબોલ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૧/૧૦/૨૦૨૧ | ૦૯/૧૦/૨૦૨૧ | શ્રી એચ.એન.વિરાણી હાઇસ્કુલ, બાઢડા | પ્રજ્ઞેશભાઈ ભટ્ટ | વિપુલ વસોયા | ૯૪૨૭૭૪૬૪૭૧ |
| ૧૧ | હેન્ડબોલ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૧/૧૦/૨૦૨૧ | ૦૯/૧૦/૨૦૨૧ | શ્રી એચ.એન.વિરાણી હાઇસ્કુલ, બાઢડા | પ્રજ્ઞેશભાઈ ભટ્ટ | અનીલાબેન પદમાણી | ૯૪૨૯૩૩૬૩૯૭ |
| ૧૨ | કુસ્તી | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૧/૧૦/૨૦૨૧ | ૦૯/૧૦/૨૦૨૧ | સુરગવાળા સાર્વજનિક હાઈસ્કુલ, વડીયા | ડી.ડી.પાદરીયા | એમ.જી.મોરી | ૯૭૨૫૮૪૪૯૫૬ |
| ૧૩ | જવાહરલાલ નહેરૂ હોકી | અં-૧૫ ભાઈઓ અને અં-૧૭ ભાઈઓ-બહેનો | ૧૧/૧૦/૨૦૨૧ | ૦૯/૧૦/૨૦૨૧ | વિદ્યાસભા સ્કુલ, અમરેલી | હસમુખભાઇ પટેલ | મહાવિરસિંહ રાઠોડ | ૯૨૭૫૯૫૯૨૫૯ |
| ૧૪ | હોકી | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૨/૧૦/૨૦૨૧ | ૦૯/૧૦/૨૦૨૧ | વિદ્યાસભા સ્કુલ, અમરેલી | હસમુખભાઇ પટેલ | મહાવિરસિંહ રાઠોડ | ૯૨૭૫૯૫૯૨૫૯ |
| ૧૫ | ફૂટબોલ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૨/૧૦/૨૦૨૧ | ૧૦/૧૦/૨૦૨૧ | આદર્શ નિવાસી શાળા, માંગવાપાળ | એસ.વી.ભાંડવા | પી.એલ.ડોડીયા | ૯૯૭૯૧૮૮૫૭૩ |
| ૧૬ | સુબ્રટો મુખરજી કપ ફૂટબોલ | અં-૧૫ ભાઈઓ અને અં-૧૭ ભાઈઓ-બહેનો | ૧૩/૧૦/૨૦૨૧ | ૧૦/૧૦/૨૦૨૧ | આદર્શ નિવાસી શાળા, માંગવાપાળ | એસ.વી.ભાંડવા | પી.એલ.ડોડીયા | ૯૯૭૯૧૮૮૫૭૩ |
| ૧૭ | ટેબલટેનીસ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૩/૧૦/૨૦૨૧ | ૧૧/૧૦/૨૦૨૧ | જે.વી.મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલા | ગૌરાંગભાઈ જોશી | ગૌરાંગભાઈ જોશી | ૯૪૨૭૨૪૦૧૦૮ |
| ૧૮ | જુડો | અંડર-૧૭/૧૯ ભાઈઓ-બહેનો | ૧૩/૧૦/૨૦૨૧ | ૧૧/૧૦/૨૦૨૧ | જીજીબેન ગર્લ્સ સ્કૂલ, અમરેલી | રોહિતભાઈ મહેતા | રોહિતભાઈ મહેતા | ૯૪૨૬૭૩૫૦૩૦ |
| ૧૯ | વોલીબોલ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૩/૧૦/૨૦૨૧ | ૧૨/૧૦/૨૦૨૧ | ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ, બગસરા | અશ્વિનભાઈ સોલંકી | આર.એ.પરમાર | ૯૯૦૪૯૨૫૬૫૬ |
| ૨૦ | ખો ખો | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૪/૧૦/૨૦૨૧ | ૧૨/૧૦/૨૦૨૧ | તુન્ની વિદ્યાલય, અમરેલી | એ.બી.જાની | હિતેશભાઇ ઢોલરીયા | ૯૭૨૬૧૦૭૧૫૧ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | કબડ્ડી | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૬/૧૦/૨૦૨૧ | ૧૨/૧૦/૨૦૨૧ | વિદ્યાસભા સ્કુલ, અમરેલી | હસમુખભાઇ પટેલ | રાજેશ ડોબરીયા | ૯૬૮૭૮૮૭૧૨૪ |
| ૨૨ | એથ્લેટીક્સ | અંડર-૧૯ ભાઈઓ-બહેનો | ૧૭/૧૦/૨૦૨૧ | ૧૨/૧૦/૨૦૨૧ | જનતા વિદ્યાલય, મોટા આંકડીયા | લીલાબેન ટીંબડીયા | પી.ડી.મિયાણી | ૯૪૨૭૦૨૧૦૦૭ |

## વર્ષ ૨૦૨૧ ૨૨-અંતર્ગત તાલુકાકક્ષા રમત સ્પર્ધા

## આયોજક સંસ્થાના આચાર્યશ્રી, તથા વ્યાયામ શિક્ષકશ્રી, સહાયક વ્યાયામ શિક્ષકશ્રીઓની યાદી દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | આયોજક સંસ્થાનું નામ / ગામ | આચાર્યશ્રી | વ્યાયામ શિક્ષકશ્રી | સંપર્ક નંબર | સહાયક વ્યાયામ શિક્ષકશ્રી | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | જનતા વિદ્યાલય, મોટા આંકડીયા | લીલાબેન ટીંબડીયા | પી.ડી.મિયાણી | ૯૪૨૭૦૨૧૦૦૭ | રાજેશ ડોબરીયા | ૯૬૮૭૮૮૭૧૨૪ |
| ૨ | ધારી | જી.એન.દામાણી હાઈસ્કૂલ, ધારી | માનસિંહ બારડ | ડી.એલ.ચાવડા | ૯૪૨૭૭૪૪૫૮૮ | એચ.એમ.ભાટુ | ૯૪૨૬૩૬૭૨૨૪ |
| ૩ | લીલીયા | માધ્યમિક શાળા, ક્રાંકચ | કે.ડી.ડાવેરા | કે.ડી.ડાવેરા | ૯૮૨૫૭૬૪૧૪૮ | વિજયભાઈ બાંભણીયા | ૯૯૦૪૨૮૪૭૬૯ |
| ૪ | બાબરા | સરકારી કમળશી હાઈસ્કૂલ, બાબરા | અનિલભાઈ સાકરીયા | ક્રિષ્નાબેન ચૌધરી | ૯૪૨૭૩૨૨૫૪૩ | તૃપ્તિબેન ત્રિવેદી | ૮૮૪૯૫૨૨૫૧૬ |
| ૫ | લાઠી | કલાપી વિનય મંદિર, લાઠી | એમ.પી.રામાણી | હિનાબેન ટીંબડીયા | ૯૪૨૯૮૯૩૬૨૩ | ડી.પી.જાની | ૯૪૨૭૨૪૮૬૬૧ |
| ૬ | કુંકાવાવ | એન.એન.પીપળીયા હાઇસ્કુલ, મેઘાપીપળીયા | અજીતસિંહ ગોહિલ | જી.આર.ધારૈયા | ૯૮૭૯૩૭૩૧૩૬ | એમ.જી.મોરી | ૯૭૨૫૮૪૪૯૫૬ |
| ૭ | બગસરા | ઝવેરચંદ મેઘાણી હાઇસ્કુલ, બગસરા | અશ્વિનભાઈ સોલંકી | આર.એ.પરમાર | ૯૯૦૪૯૨૫૬૫૬ | મનોજ મહિડા | ૯૮૨૫૭૫૭૧૫૦ |
| ૮ | ખાંભા | જે.એન.મહેતા હાઇસ્કુલ, ખાંભા | કે.ડી.સતાસિયા | એ.આર.ગોહિલ | ૯૯૦૪૫૯૩૭૮૩ | ભોળાભાઈ હરકટ | ૯૪૨૯૨૨૧૩૧૬ |
| ૯ | રાજુલા | બાલક્રિષ્ના વિદ્યાપીઠ,રાજુલા | પરેશભાઈ હડીયા | પરેશભાઈ હડીયા | ૯૭૧૨૬૭૭૧૨૫ | દિપક ત્રિવેદી | ૭૩૫૯૨૪૩૩૭૬ |
| ૧૦ | જાફરાબાદ | સરકારી હાઈસ્કૂલ, કડીયાળી | દીપકભાઈ મકવાણા | ભાવેશભાઈ વેકરીયા | ૯૭૨૩૧૦૨૨૯૩ | નરશીભાઈ રાઠોડ | ૯૯૦૯૦૬૧૦૯૦ |
| ૧૧ | સાવરકુંડલા | જે.વી.મોદી હાઇસ્કુલ, સાવરકુંડલા | ગૌરાંગભાઈ જોશી | ગૌરાંગભાઈ જોશી | ૯૪૨૭૨૪૦૧૦૮ | ચેતન ગુજરીયા | ૯૬૨૪૨૯૪૯૪૬ |

**નોંધ:- અં-૧૯ વયજુથની તાલુકાકક્ષાની કબડ્ડી / ખોખો / વોલીબોલ / એથ્લેટીક્સ ભાઈઓ-બહેનોની સ્પર્ધાઓ તારીખ ૧૨/૧૦/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. તાલુકાકક્ષા સ્પર્ધાની એન્ટ્રી જિલ્લાકક્ષાના જે તે રમતની આયોજક સંસ્થાને પહોંચતી કરવાની રહેશે.**

# જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી - અમરેલી

## જન્મતારીખ /વયજુથ/ ધોરણની વિગત દર્શાવતું પત્રક
## વર્ષ:-૨૦૨૧-૨૨

| ક્રમ | રમત/સ્પર્ધાનું નામ | ધોરણ | જન્મ તારીખ અને ત્યાર બાદ જન્મેલ |
|---|---|---|---|
| ૧ | શાળાકીય રમતો (અંડર-૧૯ ભાઈઓ/બહેનો) | ધોરણ ૯ થી ૧૨ | ૦૧/૦૧/૨૦૦૩ અને ત્યારબાદ જન્મેલ |
| ૧ | સુબ્રટો મુખરજી કપ ફૂટબોલ (સબ જુનિયર) અં-૧૫ ભાઈઓ | ધોરણ બાધ નથી | ૦૧/૦૧/૨૦૦૭ અને ત્યારબાદ જન્મેલ |
| ૨ | સુબ્રટો મુખરજી કપ ફૂટબોલ (જુનિયર) અં-૧૭ ભાઈઓ/બહેનો | ધોરણ બાધ નથી | ૦૧/૦૧/૨૦૦૫ અને ત્યારબાદ જન્મેલ |
| ૩ | જવાહરલાલ નહેરૂ હોકી (સબ જુનિયર) અં-૧૫ ભાઈઓ | ધોરણ બાધ નથી | ૦૧/૧૧/૨૦૦૬ અને ત્યારબાદ જન્મેલ |
| ૪ | જવાહરલાલ નહેરૂ હોકી (જુનિયર) અં- ૧૭ ભાઈઓ/બહેનો | ધોરણ બાધ નથી | ૦૧/૧૧/૨૦૦૪ અને ત્યારબાદ જન્મેલ |

# // શાળાકીય, વિવિધ, અન્ય રમત સ્પર્ધા માટે જરૂરી સૂચનો //

1. તાલુકાકક્ષા કન્વીનર સંસ્થાએ તાલુકાકક્ષાની સ્પર્ધા પૂર્ણ થયે દિન-૨માં તાલુકાની વિજેતા થયેલ / પસંદગી પામેલ ટીમના પ્રવેશપત્રો જે તે રમતના જિલ્લાકક્ષા આયોજક કન્વીનર સંસ્થાને મોકલી આપવાના રહેશે. તથા જેની એક નકલ અત્રેની કચેરી ખાતે પણ મોકલવાની રહેશે.
2. તાલુકાકક્ષા કન્વીનરશ્રીએ તાલુકાકક્ષાની સ્પર્ધા પૂર્ણ થયે તાલુકાકક્ષા સ્પર્ધાનો સંપૂર્ણ અહેવાલ જેમાં સ્પર્ધાનો ડ્રો, સ્કોરશીટ, ભાગ લેનાર ખેલાડી ભાઈઓ/બહેનોની SC,ST,OBC અન્ય જાતી પ્રમાણેની સંખ્યા, પસંદગી સમિતિના સભ્યોની સહી સાથેની પસંદગી યાદી અને ૫ ફોટોગ્રાફ સાથે અત્રેની કચેરી ખાતે રજુ કરવાનો રહેશે.
3. શાળાકીય અંડર-૧૯ તાલુકાકક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ તથા એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લેવા માટેની એન્ટ્રી ભાગ લેવા માંગતી શાળાઓએ નિયત નમૂનામાં પોતાના તાલુકાકક્ષા કન્વીનરશ્રીને સ્પર્ધા તારીખના ૨ દિવસ પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની જવાબદારી જે તે સંસ્થા/શાળાની રહેશે. અન્યથા ભાગ લેવા દેવામાં આવશે નહિ.
4. જિલ્લાકક્ષા એથ્લેટીકસ સ્પર્ધાની લાંબીદોડ ઇવેન્ટ સવારે ૮:00 કલાકે શરૂ થઈ જશે. જેથી ઇવેન્ટ શરૂ થયા પહેલા તમામ ખેલાડીઓએ રિપોર્ટ કરવાનો રહેશે. સ્પર્ધા શરૂ થયા બાદ કોઈ પણ પ્રકારની રજૂઆત કે દલીલ માન્ય રાખવામાં આવશે નહિ.
5. જિલ્લાકક્ષાની દરેક રમત માટે સવારે ૮.00 કલાકે સ્પર્ધા સ્થળે રિપોટિંગ કરવાનું રહેશે. ૮:30 કલાકે સ્પર્ધા શરૂ કરવામાં આવશે.
6. શાળાકિય કબડ્ડી સ્પર્ધા ભાઈઓ માટે અં-૧૯, ૭0 કીલોગ્રામ વજન તથા બહેનો માટે ૬૫ કીલોગ્રામ વજન રહેશે.
7. આ સ્પર્ધાઓમાં રાજ્ય સરકારની માન્ય શાળાઓમાં અભ્યાસ કરતા અને વય મર્યાદામાં સમાવેશ થતા વિદ્યાર્થીઓજ ભાગ લઈ શકશે. જેઓ શૈક્ષણિક સત્રના પ્રથમ મહિનામાં પ્રવેશ લીધો હોય અથવા પરિણામ જાહેર થયાને ૨૧ દિવસમાં પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓ જ જે તે શાળામાંથી ભાગ લઈ શકશે.
8. જે તે રમતોનાં પ્રવેશપત્રમાં ખેલાડીઓની જન્મતારીખ અને જી.આર.નંબરની જવાબદારી જે તે સંસ્થાના આચાર્યશ્રીની રહેશે. ખોટી જન્મતારીખ/જી.આર.નંબર લખવા અંગે જે તે શાળાના આચાર્યશ્રી સામે કાયદેસરના પગલા લેવામાં આવશે.
9. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં જે સંસ્થા ભાગ લેવા માંગતી હોય તે સંસ્થાઓએ જે તે રમતની એન્ટ્રી પરિપત્રમાં દર્શાવ્યા મુજબની તારીખ સુધીમાં જિલ્લાની આયોજક કન્વીનર સંસ્થા અને રમત ગમત અધિકારીની કચેરીને મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. એન્ટ્રી વિના કોઈપણ સંસ્થા કે ખેલાડીઓને ભાગ લેવા દેવામાં આવશે નહિ, તેમજ સ્પર્ધા સ્થળે રૂબરૂમાં એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં.

10. અત્રેની કચેરી ખાતે દરેક રમતની અલગ અલગ ફાઈલ નિભાવવામાં આવતી હોય જેથી દરેક સંસ્થાઓએ સ્પર્ધામાં ભાગ લેવાના પ્રવેશપત્ર અલગ અલગ મોકલવાનાં રહેશે.
11. જિલ્લાકક્ષાએ ભાગ લેવા આવનાર દરેક સ્પર્ધામાં ખેલાડીઓના ફોટા સાથેના બોનોફાઈડ સર્ટીફીકેટ અને આધારકાર્ડ ફરજીયાત એક નકલમાં તૈયાર કરી સ્પર્ધા સ્થળે સાથે લાવવાના રહેશે. અન્યથા ભાગ લેવા દેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેશો.
12. આ કચેરી દ્વારા હાથ ધરવામાં આવતી સ્પર્ધાના આયોજન માટે આચાર્યશ્રીઓએ પોતાના વ્યાયામ શિક્ષકો ઉપરાંત અન્ય જરૂરી સ્ટાફને જિલ્લા રમત ગમત અધિકારી કે આયોજક સંસ્થાની માંગણી મુજબ આ સ્પર્ધાનાં કાર્યક્રમ દરમિયાન ફરજ પર ગણી મુકત કરવાના રહેશે.
13. ફરજ પર બોલાવવામાં આવેલા તમામ વ્યાયામ શિક્ષકોએ સ્પર્ધા પૂરી થાય ત્યાં સુધી મેદાન પર રહેવું અને સ્પર્ધા પૂર્ણ થયા બાદ કરેલ કામગીરીનો દાખલો લઈ પોતાની સંસ્થામાં આચાર્યશ્રીને રજુ કરવાનો રહેશે.
14. રમતોમાં ભાગ લેવા માંગતા ખેલાડીઓના વાલીનું સંમતિપત્ર લઈ જે તે શાળાએ પોતાની સંસ્થાના રેકર્ડમાં રાખવાનું રહેશે. કોઈપણ પ્રકારની જાનહાની થયેથી જવાબદારી ખેલાડીની પોતાની રહેશે.
15. દરેક ખેલાડીએ રમતને અનુરૂપ ગણવેશ પહેરીને જ મેદાન ઉપર રમવા ઉતરવું. યોગ્ય ગણવેશ કે સાધનો વગર ભાગ લેવા દેવામાં આવશે નહિ.
16. સ્પર્ધા સમયે બોલાવવામાં આવેલ પંચ તથા ટીમ મેનેજરે વ્હીસલ અને પેન સાથે લઈને આવવાનું રહેશે. અને નિયમાનુસાર ગણવેશ / શુઝ પહેરીને જ પંચકાર્ય કરવાનું રહેશે.
17. ગેરવર્તણુંક કે ગેરશિસ્ત આચરનાર ખેલાડી તથા સંસ્થાને સ્પર્ધામાંથી બાકાત કરાશે. અને આગામી ત્રણ વર્ષ માટે કોઈપણ પ્રકારની સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહિ.
18. જે તે જિલ્લાકક્ષાની રમતો માટે નિયુક્ત કરેલ આયોજક કન્વીનર સંસ્થાએ સ્થાનિક કે અન્ય સંસ્થાની મદદથી એન્ટ્રીની સંખ્યા અને સ્પર્ધાના સમયને ધ્યાનમાં રાખી પૂરતા મેદાનો, સાધનો, નિવાસ, પીવાનું પાણી, શોચાલયની વ્યવસ્થા કરવાની રહેશે. અને કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનું પાલન થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે.
19. રાજ્યકક્ષાની રમતોમાં રમવા જનાર ખેલાડી તથા ટીમ મેનેજરશ્રીનું પ્રવાસ ખર્ચ તથા સ્પર્ધા દરમ્યાન ભોજન વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરવામાં આવે છે. પરંતુ રાજ્યકક્ષાની સ્પર્ધામાં જવા આવવા રસ્તા દરમ્યાનનું ભોજન ખર્ચ નિયમાનુસાર જે તે ખેલાડી અને મેનેજરની સંસ્થાએ આપવાનું રહેશે, જે ગ્રાન્ટ પાત્ર ગણાશે.
20. રાજયકક્ષાએ રમવા જતી જિલ્લાની ટીમના મેનેજરશ્રીએ રાજયકક્ષાની સ્પર્ધામાં જતા પહેલા અત્રેની કચેરીએથી એલીજીબીલીટી સર્ટિમાં કાઉન્ટર સહી ફરજીયાત કરાવી અને નિયમાનુસાર ઓર્ડર,પરિપત્ર મેળવીને સ્પર્ધા સ્થળે સાથે લઈ જવાના રહેશે. બારોબાર પહોંચી જનાર ખેલાડીને ભાગ લેવા દેવામાં આવશે નહિ. તથા સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/સંસ્થાની પોતાની રહેશે.
21. રાજયકક્ષાએ ટીમ મેનેજરને અત્રેની કચેરી દ્વારા મોકલવા માટે જાણ કરવામાં આવે ત્યારે તે સંસ્થા/શાળાએ ફક્ત વ્યાયામ શિક્ષકોને જ મોકલવાના રહેશે. અન્ય વિષય શિક્ષકને ટીમ સાથે

મોકલવાના રહેશે નહિ. જો વ્યાયામ શિક્ષક જઈ શકે તેમ ના હોય તો અત્રેની કચેરીને અચૂક જાણ કરવી જેથી અન્ય વ્યાયામ શિક્ષકની નિયુક્તિ કરી શકાય.

22. ફેન્સીંગ અને આર્ચરી જેવી રમતોમાં ભાગ લેવા માટે સંસ્થાએ પોતાના લેટરપેડ ઉપર સ્પર્ધાને અનુરૂપ ગણવેશ અને સાધન ધરાવીએ છીએ તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે. ત્યારબાદજ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
23. રાજ્યકક્ષાએ ભાગ લેવા જતી ટીમે કન્સેશન દર મેળવીને જ પ્રવાસ કરવાનો રહેશે, જેનું ચુસ્તપણે પાલન કરાવવાની જવાબદારી જે તે સંસ્થા / શાળાની રહેશે.
24. સંજોગોવસાત જિલ્લાકક્ષાની સ્પર્ધાની તારીખ, સમય કે સ્થળમાં ફેરફાર કરવામાં આવે તો જે સંસ્થાઓએ સમય મર્યાદામાં એન્ટ્રી મોકલાવેલ હશે માત્ર તે જ  સંસ્થા/શાળાઓને અત્રેની કચેરી દ્વારા ફેરફારની જાણ કરવામાં આવશે. અન્ય સંસ્થા કોઈ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહિ. જેથી એન્ટ્રીમાં સંસ્થા/વ્યાયામ શિક્ષકનો સંપર્ક નંબર અને શાળાનું નામ અચૂક લખવાનો રહેશે.
25. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પસંદગી થાય અને રાજયકક્ષાએ ખેલાડી રમવા જઈ શકે તેમ ન હોય તો તેની જાણ સ્પર્ધા સ્થળેજ કરવાની રહેશે. તેમજ અગાઉથી જાણ કર્યા વગર રાજયકક્ષાની સ્પર્ધામાં ગેરહાજર રહેનાર ખેલાડી/શાળાની ફરીવાર પસંદગી કરવામાં આવશે નહીં, તેમજ તે સ્પર્ધામાં આવી શાળાને ફરીવાર ભાગ લેવા દેવામાં આવશે નહીં.
26. બહેનોની ટીમમાં શાળા/સંસ્થાએ ટીમની સાથે મેનેજર તરીકે બહેનને જ મોકલવાના રહેશે.
27. ઓવર એઈઝ (ખોટી જન્મ તારીખ) કે અન્ય નિયમ વિરુદ્ધ પકડાયેલ ખેલાડીની શાળાને આગામી ૩ વર્ષ માટે ભાગ લેવા દેવામાં આવશે નહી. જેથી કટ ઓફ ડેટની ગણતરી કરીને જ આપનાં ખેલાડીની એન્ટ્રી કરશો. કોઈ ભૂલ જણાય તો અત્રેની કચેરીને જાણ કરશો.
28. S.G.F.I.ના નિયમ મુજબ ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ શાળાકીય અન્ડર ૧૭,૧૯ કેટેગરીની સ્પર્ધામાં  ભાગ લઈ શકશે નહિ. જેથી આ પરિપત્રમાં જણાવ્યા નુજબના ધોરણ ને ધ્યાનમાં લઈ ભાગ લેવા મોકલશો.
29. ટેબલ ટેનિસ, બેડમિન્ટન, યોગાસન રમતમાં દરેક શાળા/સંસ્થામાંથી વધારેમાં વધારે ૫ ખેલાડીઓ ભાગ લઈ શકશે. જ્યારે એથ્લેટીક્સ રમતમાં દરેક ઇવેન્ટ પ્રમાણે દરેક સંસ્થામાંથી માત્ર ૧ ભાઈ અને ૧ બહેન ખેલાડી ભાગ લઈ શકશે. જેથી પ્રથમ આપની કક્ષાએ પસંદગી કરવાની રહેશે.

## એથલેટીક્સ ઇવેન્ટ અન્ડર-૧૯   ભાઈઓ-બહેનો

**:: ભાઈઓ ::**

**૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી., ૮૦૦ મી., ૧૫૦૦ મી., ૫૦૦૦ મી., ૧૧૦ મી.વિધ્ન દોડ, ૪૦૦ મી.વિધ્ન દોડ, લાંબીકુદ, ઊંચીકુદ, લંગડીફાળ કુદ, વાંસકુદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક, હેમરથ્રો**

**:: બહેનો ::**

**૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી., ૮૦૦ મી., ૧૫૦૦ મી., ૩૦૦૦ મી., ૧૦૦ મી.વિધ્નદોડ, ૪૦૦ મી.વિધ્ન દોડ, લાંબીકુદ, ઊંચીકુદ, લંગડીફાળ કુદ, વાંસકુદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક, હેમરથ્રો**

## કબડ્ડી  અન્ડર-૧૯   ભાઈઓ-બહેનો

**ભાઈઓ:- 70 KG સુધી        બહેનો:-   65 KG સુધી**

## જુડો અન્ડર-૧૯   ભાઈઓ-બહેનો

ભાઈઓ:- ૪૦, ૪૫, ૫૦, ૫૫, ૬૦, ૬૬, ૭૩, ૮૧, ૯૦ કિલો સુધી તથા ૯૦ કિલો ઉપર

બહેનો:-  ૩૬, ૪૦, ૪૪, ૪૮, ૫૨, ૫૭, ૬૩, ૭૦ કિલો સુધી તથા ૭૦ કિલો ઉપર

## કુસ્તી  અન્ડર-૧૯   ભાઈઓ-બહેનો

ભાઈઓ:- ૪૨, ૪૬, ૫૦, ૫૫, ૬૦, ૭૪, ૮૪, ૯૬, ૧૨૦ કિલો સુધી

બહેનો :-  ૪૪, ૪૮, ૫૧, ૫૫, ૫૯, ૬૩, ૬૭, ૭૨ કિલો સુધી

## સ્વિમિંગ  અન્ડર-૧૯   ભાઈઓ-બહેનો

ભાઈઓ:- ૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી.,૪૦૦ મી.,૧૫૦૦ મી. ફ્રીસ્ટાઈલ

૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી. બેકસ્ટ્રોક

૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી. બટરફલાય

૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી. બ્રેસ્ટસ્ટ્રોક

૨૦૦ મી., ૪૦૦ મી., વ્યક્તિગત મિડલે

બહેનો:-   ૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી.,૪૦૦ મી.,૮૦૦ મી. ફ્રીસ્ટાઈલ

૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી. બેકસ્ટ્રોક

૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી. બટરફલાય

૫૦ મી.,૧૦૦ મી.,૨૦૦ મી. બ્રેસ્ટસ્ટ્રોક

૨૦૦ મી., ૪૦૦ મી., વ્યક્તિગત મિડલે

This document was created with the Win2PDF "print to PDF" printer available at
http://www.win2pdf.com

This version of Win2PDF 10 is for evaluation and non-commercial use only.

This page will not be added after purchasing Win2PDF.

http://www.win2pdf.com/purchase/